Suramya Co-operative Housing Society Ltd.
(Reg. No. Gh-16633, Dt. 25-06-1999, Co-operative Societies, Gandhinagar)
Sarkhej-Gandhinagar Highway, Nr. Khoraj, Nr. Narmada Main Canal,
Post : Adani Shanti Gram, Dist. : Gandhinagar-382501
E-mail : suramya1soc@gmail.com

પ્રતિ,

તારીખ: 03.10.2026

માનનીય સભાસદશ્રીઓ,
સુરમ્ય-૧ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ.

વિષય: વાર્ષિક સામાન્ય સભામાં સર્વાનુમતે મંજૂર થયેલ અગત્યના નિર્ણયોની જાણ કરવા બાબત.

માનનીય સભાસદશ્રી,

સોસાયટીની વાર્ષિક સામાન્ય સભામાં સોસાયટીના વહીવટ, જાળવણી, સુરક્ષા તથા વિકાસને લગતા વિવિધ અગત્યના મુદ્દાઓ અંગે વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ચર્ચા બાદ નીચે દર્શાવેલ નિર્ણયો સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ છે, જેની જાણ તમામ માનનીય સભાસદશ્રીઓને કરવામાં આવે છે.

1. **મેન્ટેનન્સ ફાળો નક્કી કરવા બાબત**

   નાણાકીય વર્ષ 01-04-2027 થી 31-03-2028 દરમિયાન સોસાયટીની જાળવણી, સફાઈ, કોમન લાઈટ બિલ, પાણી, મરામત-જાળવણી તથા અન્ય સામાન્ય ખર્ચને ધ્યાનમાં રાખીને મેન્ટેનન્સ ફાળો નક્કી કરવા અંગે સભામાં ચર્ચા કરવામાં આવી હતી.

   ચર્ચા બાદ, સોસાયટીના દરેક પ્લોટ માટે વાર્ષિક **રૂ. 100/- પ્રતિ સુપર બિલ્ટ-અપ એરિયા** ચો.વાર મુજબ મેન્ટેનન્સ ફાળો ઉઘરાવવાનો નિર્ણય સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

2. **પ્લોટની બાઉન્ડ્રી કરવા બાબત**

   સોસાયટીના દરેક સભ્યના સ્વતંત્ર પ્લોટની સુરક્ષા જળવાઈ રહે તેમજ પ્લોટની હદ સ્પષ્ટ રીતે નિર્ધારિત રહે તે હેતુસર, દરેક પ્લોટમાં બાઉન્ડ્રી કરાવવાનું ફરજિયાત રાખવાનો નિર્ણય સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.
   આ કામગીરી માટે સોસાયટી દ્વારા યોગ્ય એજન્સીની નિમણૂક કરવામાં આવશે. સોસાયટી દ્વારા નક્કી કરવામાં આવેલા ભાવ મુજબ બાઉન્ડ્રીની કામગીરી કરાવવાની રહેશે. તેમ છતાં, કોઈપણ પ્લોટમાલિક પોતાની એજન્સી મારફતે પોતાના પ્લોટની બાઉન્ડ્રીની કામગીરી કરાવવા ઇચ્છે તો તે પણ કરી શકશે, પરંતુ તે કામગીરી સોસાયટી દ્વારા નક્કી કરવામાં આવેલા ધોરણો તથા માર્ગદર્શિકા મુજબ જ કરવાની રહેશે.

પાલ્લા જુઓ.....

બાઉન્ડ્રીની કામગીરી માટે થનાર સંપૂર્ણ ખર્ચ જે તે પ્લોટના માલિકે પોતે જ ભોગવવાનો રહેશે. આ કામગીરી માટે સોસાયટી દ્વારા કોઈપણ પ્રકારનો ખર્ચ કરવામાં આવશે નહીં. દરેક સભાસદે પોતાના પ્લોટની બાઉન્ડ્રીની કામગીરી તા. 31/03/2027 સુધીમાં ફરજિયાત પણે પૂર્ણ કરાવવાની રહેશે.

3. ડિજિટલ માધ્યમ દ્વારા સંદેશાવ્યવહાર કરવા બાબત

સોસાયટીની કામગીરીને વધુ આધુનિક, સુવ્યવસ્થિત, પારદર્શક તથા સરળ બનાવવા માટે સોસાયટીના વિવિધ સંદેશાવ્યવહાર તથા વહીવટી કામકાજ માટે WhatsApp, MyGate, E-mail, Website તથા અન્ય ઇલેક્ટ્રોનિક/ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

આથી, હવેથી જ્યાં સુધી કોઈ ખાસ કાયદાકીય, નિયમનકારી અથવા અન્ય આવશ્યકતા ન હોય ત્યાં સુધી સોસાયટી તરફથી સામાન્ય પત્રો, સૂચનાઓ, પરિપત્રો તથા અન્ય સંદેશાવ્યવહાર માટે ભૌતિક રીતે પત્રો મોકલવાની પ્રથા બંધ કરી, સભાસદોને ડિજિટલ માધ્યમો દ્વારા જાણ કરવામાં આવશે.

આ નિર્ણયનો હેતુ સોસાયટીના વહીવટી કાર્યમાં ઝડપ, પારદર્શિતા તથા કાર્યક્ષમતા વધારવાનો અને સભાસદો સાથેનો સંદેશાવ્યવહાર વધુ સુગમ બનાવવાનો છે.

ઉપરોક્ત તમામ અગત્યના નિર્ણયોની સભામાં ચર્ચા તથા વિચાર-વિમર્શ બાદ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ છે. આથી તમામ સભાસદશ્રીઓને ઉપરોક્ત અગત્યના નિર્ણયોની જાણ તથા સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે.

આભાર સહ,

સુરમ્ય કો.ઓ.હાઉ.સોસા.લિ.

પ્રમુખ

મંત્રી